# કચેરીનું નામ: અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી.ક્રાઇમ અને રેલ્વેઝ

# ગુ.રા.ગાંધીનગર

## એનેક્ષર-અ

## સને ૨૦૨૩-૨૪ નાણાંકીય વર્ષ અંતિત વાર્ષિક વહીવટી અહેવાલ

**(૧) કચેરીનું વ્યવસ્થાતંત્ર , કાર્યો અને ફરજોનું સંક્ષિપ્તમાં વર્ણન:-**

અધિક પોલીસ મહાનિદેશકશ્રી સી.આઇ.ડી.(ક્રાઇમ અને રેલ્વેઝ)ગુ.રા.ગાંધીનગરના વડપણ હેઠળ પોલીસ મહાનિરીક્ષકશ્રી (ક્રાઇમ-૧) (હાલ અધિક પોલીસ મહાનિદેશકશ્રી ક્રાઇમ-૧) ,નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી (ક્રાઇમ-૨) , નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી મહિલા અને ક્રાઇમ ,નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી (ક્રાઇમ-૪)ના સુપરવિઝન હેઠળ તથા પોલીસ અધિક્ષકશ્રી સાયબર ક્રાઇમ સેલ , પોલીસ અધિક્ષકશ્રી આર્થિક ગુના નિવારણ શાખા અને પોલીસ અધિક્ષકશ્રી (વહીવટ) તથા ઝોન/શાખા/યુનિટના નાયબ પોલીસ અધિક્ષક/ડી.પો.ઇ./નાયબ વહીવટી અધિકારી તરફથી પોલીસ અધિકારીઓ/કર્મચારીઓ મારફતે કામગીરીનું સંચાલન કરવામાં આવે છે.

રાજ્ય સ્તરે બનતા ખૂબ જ ચર્ચાસ્પદ અને ચકચારી ગુનાઓમાં સચોટ અને પરિણામલક્ષી નિષ્પક્ષ કાર્યવાહી માટે વખતો-વખત સરકારશ્રી ગૃહવિભાગ, માનવ અધિકાર આયોગ, સર્વોચ્ચ-ઉચ્ચ કોર્ટ અને વડી કચેરી ધ્વારા ખુબ અગત્યની તપાસો સી.આઇ.ડી.ક્રાઇમને સોપવામાં આવે છે. આ તપાસોમાં તપાસ કરનાર અધિકારીશ્રીઓ ધ્વારા ઉચ્ચ અધિકારીશ્રીઓના માર્ગદર્શન/સુચના મેળવી, તેઓશ્રીના હુકમોનુસાર કચેરી કાર્યપધ્ધતિ મુજબ અરજીઓની તપાસ/ ઇન્કવાયરી/ગુનાની તપાસને નિર્ણાયક કક્ષા સુધીની કાયદાકીય કાર્યવાહી પૂર્ણ કરવા નિષ્પક્ષ કાર્યવાહી કરવામાં આવે છે. સદરહુ તપાસની કાર્યવાહી સી.આઈ.ડી.ક્રાઈમ હસ્તકના ઝોન/યુનિટ/શાખાઓ દ્રારા કરવામાં આવે છે. હાલ સી.આઇ.ડી.ક્રાઇમ હસ્તક કુલ -૬ ઝોન છે. જેમાં હાલ સી.આઇ.ડી.ક્રાઇમ બોર્ડર ઝોનમાં પોલીસ અધિક્ષક કક્ષાના અને બાકીના ઝોનમાં નાયબ પોલીસ અધિક્ષક કક્ષાના અધિકારી ફરજ બજાવે છે. દરેક ઝોન પોલીસ સ્ટેશન તરીકે કાર્યરત છે. તેમજ તેઓના તાબામાં જિલ્લા વાઇઝ ડીટેકટીવ પો.ઇન્સના તપાસ એકમો કાર્યરત છે. જેની વિગત નીચે મુજબ છે.

| અનં | ઝોનનું નામ | તપાસ એકમ |
|---|---|---|
| ૧ | ગાંધીનગર ઝોન સી.આઇ.ડી.ક્રાઇમ | ડી.પો.ઇ. ગાંધીનગર, મહેસાણા , હિંમતનગર તપાસ એકમ |
| ૨ | અમદાવાદ ઝોન સી.આઇ.ડી.ક્રાઇમ | ડી.પો.ઇ. અમદાવાદ શહેર યુનિટ-૧ થી ૬, અમદાવાદ ગ્રામ્ય , નડિયાદ, આણંદ તપાસ એકમ |
| ૩ | વડોદરા ઝોન સી.આઇ.ડી.ક્રાઇમ | ડી.પો.ઇ.વડોદરા શહેર, વડોદરા ગ્રામ્ય , ભરૂચ , નર્મદા, ગોધરા, દાહોદ તપાસ એકમ |
| ૪ | સુરત ઝોન સી.આઇ.ડી.ક્રાઇમ | ડી.પો.ઇ.સુરત શહેર, સુરત ગ્રામ્ય, વલસાડ, નવસારી, તાપી,ડાંગ તપાસ એકમ |
| ૫ | રાજકોટ ઝોન સી.આઇ.ડી.ક્રાઇમ | ડી.પો.ઇ.રાજકોટ શહેર, રાજકોટ ગ્રામ્ય, ભાવનગર , |

| | | |
|---|---|---|
| | | જુનાગઢ, સુરેન્દ્રનગર, જામનગર, અમરેલી, પોરબંદર તપાસ એકમ |
| ૬ | બોર્ડર ઝોન સી.આઇ.ડી.ક્રાઇમ | ડી.પો.ઇ.ભુજ, પાટણ, પાલનપુર, ગાંધીધામ તપાસ એકમ |

હાલ સી.આઇ.ડી.ક્રાઇમ બોર્ડર ઝોનના પોલીસ અધિક્ષક અને બાકીના ઝોનમાં નાયબ પોલીસ અધિક્ષક તેઓના ઝોન પોલીસ સ્ટેશનના ચાર્જ અમલદાર તરીકે છે. તદઉપરાંત તેઓએ તાબાના તપાસ એકમોની કામગીરીનું સુપરવિઝન કરવાનું રહે છે. તાબાના તપાસ એકમોને સોંપવામાં આવેલ ગુના/ અરજીની તપાસ, ઇન્કવાયરી, એફ.આઇ.યુ. તથા એમ.એ.સી.ટી.ની તપાસોનો યોગ્ય સત્તાધિકારી સમક્ષ સમય મર્યાદામાં નિકાલ કરાવવાની તેમજ તેઓના ઝોનની અન્ય વહીવટી કામગીરી પણ તેઓ દ્વારા કરવામાં આવે છે. તાબાના ઝોન/એકમોની કામગીરી ઉપરાંત સી.આઇ.ડી.ક્રાઇમ હસ્તકની નીચે મુજબની શાખાઓ તરફથી કરવામાં આવતી કામગીરીની વિગત નીચે મુજબ છે.

| અનં. | શાખાનું નામ | કામગીરીની વિગત |
|---|---|---|
| (૧) | એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટ | રાજ્યમાં હ્યુમન ટ્રાફિકીંગ અંગે સંગઠિત ગુન્હાખોરી ડામવા પ્રોએકટીવ કામગીરી તેમજ માનવ ગુન્હાઓને શોધી ભોગ બનનાર વ્યક્તિઓ અને રાજ્યમાં ૦ થી ૧૮ વર્ષ સુધીની વયના ગુમ થયેલ બાળકોની તપાસ કરી, આવા બાળકોને શોધી , તેઓનું પુર્નવર્સન કરવાની કામગીરી, રાજ્ય સરકારના અન્ય વિભાગો સાથે સંકલનમાં રહી વિવિધ ઝુંબેશો અને કાર્યક્રમો યોજી લોકોમાં માનવ તસ્કરી અંગે જાગૃતિ ફેલાવી, આવા બનાવો બનતા અટકાવવાની કામગીરી અને રાજ્યની નોડલ એજન્સી તરીકે આંતરરાજ્ય ગુનેગારોની માહિતીનું સંકલન કરવાની કામગીરી કરવામાં આવે છે. |
| (૨) | ફ્રોડ સેલ | રાજ્યમાં બનતા ફ્રોડ, ઠગાઇ, ઉચાપત, છેતરપીડીના કેસો, સરકારશ્રીના વિવિધ વિભાગો તરફથી લદાયેલા સુલક ચોરીના કેસો, નોન બેન્કીગ ફાયનાન્સ કંપનીના કૌભાડો, મલ્ટીલેવલ માર્કેટીંગ કંપનીના કેસો, જમીન લે-વેચના કેસો, હવાલા કેસો, બોગસ કંપનીઓ ઉભા કરવામાં આવેલ ગુનાઓના કેસો, સરકારશ્રીએ આપેલ સબસીડીને લગતા કૌભાડોના કેસોની તપાસની કામગીરી તેમજ જી.પી.આઇ.ડી.એક્ટ મુજબના ગુનાઓમાં આરોપીઓની મીલકત જપ્ત લેવાની કામગીરી કરવામાં આવે છે. |
| (3) | આઇ.એલ.ઓ. | ઇન્ટરપોલ નોટીસ જારી કરવાની, લેટર રોગેટરી , MLAT તથા પ્રત્યાપર્ણની દરખાસ્ત તૈયાર કરાવવાની કામગીરી અને ઇન્ટરપોલ ઇન્કવાયરીમાં જવાબ કરવાની કામગીરી કરવામાં આવે છે. |
| (૪) | આર્થિક ગુન્હા નિવારણ શાખા | ફ્રોડ ,છેતરપીંડી , ઉચાપત , ઠગાઇ , વિશ્વાસઘાત પ્રકારની આર્થિક ગુના સંબંધી અરજીઓ, ગુનાઓ , એફ.આઇ.યુ. તપાસની કામગીરી લેભાગુ કંપનીઓ દ્વારા રોકાણકારો પાસેથી ટુંકાગાળામાં વધુ વળતર આપવાના બહાને છેતરપીંડી અને |

| | | |
|---|---|---|
| | | વિશ્વાસઘાત કરતા હોય આવી લેભાગુ પોન્જી કંપનીઓ વિરુધ્ધ કડક કાર્યવાહી કરવાના આશયથી રાજ્ય સરકાર દ્વારા ગુજરાત સરકાર દ્વારા (GPID) -૨003 કાયદો બનાવેલ છે અને કેન્દ્ર સરકાર દ્વારા The Banning of Unregulated Deposit Schemes act, 2019(BUDS Act) બનાવવામાં આવેલ છે. GPID ACT-2003 તથા BUDS Act-2019 હેઠળ મળતી ફરિયાદોની તપાસ કરવી. જે હેઠળ ઠગાઇથી મેળવેલ નાણામાંથી વસાવેલ હોય તેવી મિલકતો શોધી કાઢી ટાંચમાં લેવા ગૃહ વિભાગને દરખાસ્ત કરવી અને નોટીફિકેશન બહાર પડયેથી સંબંધિત કોર્ટ /Competent Authority સાથે સંકલન કરી રોકાણકારોને નાણા પરત મળે તેવી કાર્યવાહી કરવામાં આવે છે.<br>રાજ્યમાં બૂટલેગીંગ સહિતની ગેરકાયદેસર પ્રવૃત્તિમાંથી નાણા કમાયા હોય તેવા ગુનેગારો વિરુધ્ધ (PML Act-2002) હેઠળ કાર્યવાહી માટે જિલ્લા/કમિશનર યુનિટો પાસેથી દરખાસ્ત મેળવી તેની ચકાસણી કરી Enforcement Directorate (ED) ને મોકલવાની કામગીરી તથા ગરવી એપલીકેશનની નોડલની કામગીરી કરવામાં આવે છે. |
| (૫) | સી.એફ.સી.સેલ | કોપીરાઇટ/ટ્રેડમાર્ક બાબતેની અરજીઓનો અભ્યાસ કરી કોપીરાઇટ/ટ્રેડમાર્કની રેઇડો કરી કાયદેસરની કાર્યવાહી કરવાની તથા બનાવટી ચલણી નોટોના ગુનાઓની માહિતી આઇ.બી. ન્યુ દિલ્હીને મોકલવાની કામગીરી કરવામાં આવે છે. |
| (૬) | સાયબર ક્રાઇમ સેલ | National Cyber Crime Reporting Portal (NCCRP) પોર્ટલ ઉપર આવેલ ફરિયાદો અંગેની, ટીપલાઇન પરથી ગુના તથા જાણવાજોગ નોંધવાની ,ઇન્વેસ્ટીગેશન યુનિટ દ્વારા તપાસ કરવાની, અરજીઓની તપાસ કરવાની, ફ્રોડ મોબાઇલ નંબર અંગેની કામગીરી ,ઓનલાઇન–ઓફલાઇન તાલીમની કામગીરી, OLX ફ્રોડ આઇડી, Facebook ફ્રોડ માર્કેટપ્લેસ આઇડી,Facebook ન્યુડ વિડીયો કોલ આઇડી,ધાર્મિક કોમી લાગણી દુભાવતી પોસ્ટ,ફેસબુક ફ્રોડ , વિડિયો બ્લોગ પેકેજીંગ ફ્રોડ,ફેક વેબસાઇટ,ફ્રોડ ઇન્સટન્ટ લોન એપ્લીકેશન,મોબાઇલ ડમ્પ,સોશીયલ મીડીયા પરથી ફ્રોડ આઇડી રીમુવ કરાવવા સંબંધીત પ્લેટફ્રોર્મને કરેલ નોટીસ અંગેની તેમજ સાયબર ક્રાઇમ સંબંધેની અવેરનેશ કામગીરી કરવામાં આવે છે. વધુમાં સાયબર હેલ્પલાઇન -૧૯૩૦ ઉપર આવેલ કોલ આધારે બેકોમાં નાણાં બ્લોક કરાવવા અને પરત કરાવવા અંગેની કામગીરી કરવામાં આવે છે. |
| (૭) | સી.આઇ.સેલ | સી.આઇ.સેલમાં ત્રણ એકમો કાર્યરત છે. જેમાં ગુનાની તપાસો , પ્રાથમિક તપાસો, ખાતાકીય તપાસોની કામગીરી કરવામાં આવે છે. તેમજ ગણનાપાત્ર દારૂ/જુગારના કેસોની પ્રાથમિક તપાસના કામે ઇન્કવાયરીના અહેવાલો મોકલવાની કામગીરી, રાજ્ય બહારના નાસતા ફરતા આરોપીઓ પકડવા સારૂ રેન્જ લેવલે ટીમો બનાવવાની કામગીરી, શરીર સબંધી ગુના, આયોજીત ગુના , |

| | | |
|---|---|---|
| | | ગેરકાયદેસર હથિયારો , અપહરણ તથા ખુનના ગુના અંગેની કામગીરી, લૂંટ તથા ધાડના ગુનાઓ સબંધી, ઓઇલ ચોરી, ઘરફોડ ચોરી , વાહન ચોરી તથા તમામ ચોરીને લગતા ગુના સબંધી અને રાજ્યના પેરોલ ફર્લો, વચગાળાના જામીન, પોલીસ જાપ્તા અને જેલ ફરારી કેદીઓ/આરોપીઓની કામગીરી કરવામાં આવે છે. તેમજ પી.જી.પોર્ટલ અરજીઓની મોનીટરીંગની કામગીરી અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અંગેની માહિતી મેળવી રેઇડનું આયોજન કરવાની કામગીરી કરવામાં આવે છે.<br>વધુમાં ગુજરાત રાજ્યના મિલકત સબંધી ગુનાઓના આરોપીઓની મેન્ટર પ્રોજેકટ અન્વયેની કામગીરી પણ કરવામાં આવે છે. |
| (૮) | પી.આર.સી.શાખા | નામદાર હાઇકોર્ટ તથા સુપ્રિમ કોર્ટ તરફથી આવતી પિટીશનો/જજમેન્ટો તથા સરકારશ્રી અને ઉપરી અધિકારીશ્રી તરફથી કરવામાં આવતા પરિપત્રો/ઠરાવો, કોર્ટના જજમેન્ટો વિગેરે સમગ્ર રાજ્યમાં સરક્યુલેટ કરવા તથા સરકારશ્રીને કાયદામાં સુધારો કરવા અંગેના સૂચનો/અભિપ્રાયો મોકલવાની કામગીરી ,રેકર્ડને લગતી તથા લાઇબ્રેરી સંચાલન અને આર.ટી.આઇ.ને લગતી તેમજ કન્વીકશન રેટ ઇમ્પુવમેન્ટ પ્રોજેકટને લગતી કામગીરી કરવામાં આવે છે. |
| (૯) | સી.એ.યુ. શાખા | ક્રાઇમને લગતા તમામ પ્રકારના મંથલી પત્રકો મોકલવાની, ક્રાઇમને લગતો વાર્ષિક વહીવટી અહેવાલ તૈયાર કરવાની અને રાજયસભા, લોકસભા, વિધાનસભાના તારાંકિત/અતારાંકિત પ્રશ્નોને લગતી તથા તેને આનુંસાંગિક અન્ય માહિતી મોકલવાની કામગીરી કરવામાં આવે છે. |
| (૧૦) | એન.ડી.પી.એસ.સેલ | રાજ્યમાં ડ્રગ્સ રોકવા નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની મીટીંગનું આયોજન કરવા તથા એકશન ટેકન રિપોર્ટ તૈયાર કરવાની કામગીરી અને રાજ્યમાં ડ્રગસ રોકવાની કામગીરીમાં રોકાયેલ અલગ-અલગ ખાતાઓનું સંકલન કરી એન્ટી નાર્કોટીક્સ ટાસ્ક ફોર્સની રચના કરવાની, રીવોર્ડ પોલીસી નકકી કરવાની , આરોપીઓ વિરુધ્ધ રાજ્યમાં PIT એન.ડી.પી.એસ. એક્ટ -૧૯૮૮ હેઠળ અટકાયતી પગલા ભરવાની કામગીરી, ડ્રગ્સ ડીસ્પોઝલ કમિટીની રચના કરવાની કામગીરી કરવામાં આવે છે. વધુમાં નશીલા પદાર્થો અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવાની, ૧૯૦૮ ટોલ ફ્રી નંબર ઉપર મળેલ માહિતી અંગેની કાર્યવાહી કરવાની, NDPS ACT હેઠળ રાજ્યના કેસોની મંથલી માહિતી મોકલવાની , ડ્રાઇવ રાખવાની , COTPA act હેઠળ કેસો કરવાની તેમજ ભારત સરકાર દ્વારા PFMS પોર્ટલ પર ફાળવેલ અનુદાનમાંથી સર્વેલન્સ, ટ્રેનિંગના સાધનો, લેબોરેટરીના સાધનો ખરીદવાની કામગીરી કરવામાં આવે છે. |
| (૧૧) | મહિલા સેલ | મહિલા સુરક્ષા સેતુ સોસાયટી અને મહિલા સુરક્ષા સમિતિને લગતી, સીનીયર સીટીઝનની કામગીરી, " ૧૮૧ અભયમ" ની કામગીરી, She ટીમની કામગીરી, મહિલા અને બાળ અત્યાચારના ગુનાઓની કામગીરી કરવામાં આવે છે. |

| | | |
|---|---|---|
| (૧૨) | મીસીંગ સેલ | ગુમ, અપહરણ થયેલ બાળકો , વ્યક્તિઓના મંથલી પત્રકો મોકલવાની કામગીરી , ગુમ , અપહરણ થયેલ બાળકો/વ્યક્તિઓને શોધવા સ્પેશિયલ ડ્રાઇવનું આયોજન કરવાની કામગીરી, ટ્રેક ધ મીસીંગ ચાઇલ્ડ વેબસાઇટનું મોનીટરીંગની કામગીરી કરવામાં આવે છે. તેમજ આ અંગેના પરિપત્રો/ઠરાવો/એડવાઇઝરીની તમામ શહેર/જિલ્લાઓમાં અમલવારી કરવા સારૂ સરક્યુલેટ કરાવી તેની અમલવારી સુનિશ્ચિત કરવાની કામગીરી કરવામાં આવે છે. |
| (૧૩) | વાઇલ્ડ લાઇફ સેલ | રાજ્યના તમામ શહેર/જિલ્લાઓમાં વાઇલ્ડ લાઇફ સેલની રચના અંતર્ગત રાજ્ય ફોરેસ્ટ વિભાગ તથા તમામ શહેર/જિલ્લાઓના પોલીસ અધિકારીઓ/ કર્મચારીઓના સંપર્ક નંબર સાથે સંકલનમાં રહીને ટીમની રચના કરવાના આદેશ કરેલ છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર ના આદેશ મુજબ વિવિધ પ્રાણી/પક્ષીઓના ઓપરેશનો અંતર્ગત ડ્રાઇવ રાખવાની, પ્રાણી/પક્ષીઓ ઉપર આચારવામાં આવતા વિવિધ કૃત્યો વિરુધ્ધ અહેવાલ મંગાવવાની તથા વાઇલ્ડ લાઇફને લગતા ગુનાઓની માહિતી મંગાવવાની કામગીરી કરવામાં આવે છે. |

વધુમાં તાબાના ઝોન, એકમો અને શાખાઓને સોંપવામાં આવતી અરજી તપાસ,પ્રાથમિક તપાસ અને ગુનાઓની, એમ.એ.સી.ટી. કેસો, એફ.આઇ.યુ. કેસો, એમ કેસ, P.G.PORTAL તથા SWAGAT PORTAL અરજીઓ અંગેની કામગીરી માટે અત્રેની કચેરી ખાતે ,CIMU- 1, CIMU-2, SIMU-1, SIMU-2 , એપ્લીકેશન યુનિટ (AU), ટેકનીકલ સપોર્ટ યુનિટ (TSU)ની રચના કરવામાં આવેલ છે. જે અંગેની કામગીરી તેઓને સંબંધિત પોલીસ મહાનિરીક્ષકશ્રી ક્રાઇમ-૧( હાલ અધિક પોલીસ મહાનિદેશકશ્રી ક્રાઇમ-૧)/ નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી ક્રાઇમ-૨/ નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી ક્રાઇમ -૪ સી.આઇ.ડી.ક્રાઇમ/પોલીસ અધીક્ષક (વહીવટ) સી.આઇ.ડી.ક્રાઇમ મારફતે અધિક પોલીસ મહાનિદેશકશ્રી સી.આઇ.ડી.ક્રાઇમ અને રેલ્વેઝ ગુ.રા. ગાંધીનગર સમક્ષ પ્રાથમિક તપાસ, ગુનાની તપાસ કે અન્ય તપાસોના અહેવાલ રજુ કરીને આદેશો મેળવીને આગળની કાર્યવાહી કરવામાં આવે છે.

તદઉપરાંત અત્રેની વહીવટી શાખાઓને લગતી નીચે મુજબની કામગીરી કરવામાં આવે છે.

| અનં. | શાખાનું નામ | કામગીરીની વિગત |
|---|---|---|
| (૧) | વહીવટી શાખા | મહેકમને લગતી નવી સેવા તથા હંગામી જગ્યાઓ ચાલુ રાખવા અંગે , દાદ ફરિયાદ નિકાલ સમિતીને લગતી કામગીરી,ના.પો.અધિ તથા ઉપરના દરજ્જાના અધિકારીઓ,પો.ઈ., પો.સ.ઈ., એ.એસ.આઇ., હે.કો., પો.કો, સીવીલીયન કર્મચારીઓના મહેકમને લગતી સેવા વિષયક તમામ કામગીરી, કોર્ટ મુદતોની મંજૂરી આપવાની, મિલકત ખરીદી/વેચાણ અંગેની મંજૂરી સબંધી ,પ્રાથમિક તપાસ, ખાતાકીય તપાસને લગતી કામગીરી, પોલીસ કોન્સ્ટેબ્યુલરી સંવર્ગના કર્મચારીઓની પ્રતિનિયુક્તિથી નિમણૂકની તથા જાહેર રજા પગાર મંજૂર કરવાની,આઉટસોર્સ થી પટાવાળા,સ્ટેનો અને સફાઈ કામદારની સેવા લેવાની,અંશકાલીન સફાઈ કામદારનાં માસિક પગાર બીલો મંજૂર કરવાની,સરકારી અને બિનસરકારી રહેણાંકના મકાનોને લગતી, ઈનામને |

| | | |
|---|---|---|
| | | લગતી,ઘર ભાડુ/ભથ્થું, વાહનભથ્થુ મંજૂર કરવાની કામગીરી,હથિયાર/ દારૂગોળા અંગેની, ઝોન/યુનિટના વીજળી બિલો,ટેક્સ બિલોને લગતી,સરકારી વાહનોની ફાળવણી, નિભાવણી,રીપેરીંગ અને કંડમ કરવાની,ટેલીફોન તથા મોબાઈલફોન, ડ્રાઈવર મહેકમ તથા આઉટસોર્સ ડ્રાઈવરો અને પોલીસ અધિકારી/કર્મચારીઓને વિવિધ તાલીમને લગતી તેમજ આઉટસોર્સ ટેકનીકલ કર્મચારીઓને લગતી કામગીરી કરવામાં આવે છે. |
| (૨) | રજીસ્ટ્રી-૨ શાખા | સ્ટેશનરી ,પરચૂરણ સામાન,ઓફિસ ઓટોમેશનની સાધન સામગ્રી ખરીદી ,ઓફિસ ઓટોમેશનના સાધનો જેવા કે, કોમ્પ્યુટર,પ્રિન્ટર,ઝેરોક્ષ મશીન,ફેક્સ મશીનનાં રીપેરીંગ તેમજ એ.એમ.સી.આપવાની ,ન્યુઝપેપરના બિલો,જાહેરાતના બિલો, પરચૂરણ બિલો,પદરના ખર્ચના બિલો,ભાષાંતર અંગેના બિલો મંજૂર કરવાની , સ્ટેશનરી અને ફોર્મ્સના ઈન્ડેન્ટ મોકલવાની તથા સરકારી પ્રેસમાંથી મેળવવાની કામગીરી કરવામાં આવે છે. |
| (૩) | રજીસ્ટ્રી શાખા | કચેરીમાં આવતી વહીવટી તથા ક્રાઈમને લગતી ટપાલો ઈનવર્ડ કરીને સબંધિત શાખાઓને મોક્લવાની તેમજ શાખાઓ તરફથી રવાના કરવામાં આવતી ટપાલો રવાનગી રજીસ્ટરમાં નોંધ કરી રવાના કરવાની કામગીરી, વહીવટી શાખાઓને લગતુ રેકર્ડ વર્ગીકરણ કરીને રેકર્ડ રૂમમાં યોગ્ય રીતે ગોઠવીને સાચવવાની તથા નાશપાત્ર રેકર્ડ નાશ કરવા અંગેની કામગીરી કરવામાં આવે છે. |
| (૪) | હિસાબી શાખા | બજેટ, પેન્શન, ગ્રાંટ, કન્વીક્શન રેટ ઈમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટ, PFMS એકાઉન્ટ , કેશીયરને લગતી પોલીસ અધિકારીઓ/કર્મચારીઓ (સિવિલિયન સહિત)ના પગાર બીલો પુરવણી બીલો , જાહેર રજા પગાર બીલો , ઈન્કમટેક્ષને લગતી કામગીરી, વેલફેર ફંડ તેમજ જુથ વીમાને લગતી કામગીરી,ટી.એ./એલ.ટી.સી. બીલો, એસ.ટી. વોરંટ ,જી.પી.એફ. ઉપાડ, મકાન – વાહન પેશગી, સી.પી.એફ. નવા નંબર ફાળવવાની ,તહેવાર પેશગી,તમામ પ્રકારના કંટીજન્સી બીલો, મેડીકલ બીલો,બીલ ઓનલાઈન કરવા તથા ઈ-પેમેન્ટ કરવાની અને ખર્ચ પત્રક બનાવવાની કામગીરી કરવામાં આવે છે. |

અત્રેની કચેરીના કચેરી અધિક્ષક(ક્રાઇમ) તરફથી ક્રાઇમને લગતી ટપાલો, ઇ-મેઇલ, ટેલીફોન વર્ધી, ફેક્સ મેસેજ ને વિતરીત કરવાની તથા અધિકારીશ્રીઓને, ડી.પો.ઇન્સશ્રીઓને તથા વહીવટી સ્ટાફને વાહનો તથા ડ્રાઇવરોની જરૂરિયાત મુજબ ફાળવણી કરવાની તેમજ SCR તરફથી ફાળવવામાં આવતા બંદોબસ્તની કામગીરી કરવામાં આવે છે.

વધુમાં નાયબ પોલીસ અધિક્ષક મુખ્ય મથક(વહીવટ)સી.આઇ.ડી.ક્રાઇમ તરફથી સી.એ.યુ.શાખા, સી.એફ.સી.સેલ, આઇ.એલ.ઓ.શાખાની કામગીરીનું સુપરવિઝન કરવામાં આવે છે.

(૨) કચેરી દ્વારા સંચાલિત તમામ યોજનાઓ

| | | |
|---|---|---|
| (૧) | યોજનાની બજેટ જોગવાઇ | **હિસાબી શાખા:-**<br>**(૧) IMPLEMENTATION OF CONVICTION RATE IMPROVEMENT PROJECT**<br>**બજેટ હેડ:- ૨૦૫૫:00: ૧૦૯:૦૧**<br>સને ૨૦૨૩-૨૪ માં કુલ રૂ.૧૧૫૨.૮૫ લાખ ગ્રાન્ટ મંજુર કરવામાં આવેલ છે.<br>**(૨) ANTI HUMAN TRAFFCKING UNIT (AHTU)**<br>**બજેટ હેડ:- 43-2055-00-115-06**<br>સને ૨૦૨૨-૨૩ માં કુલ રૂ.૪૫૦.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે.<br>(આ યોજના ૧૦૦% CSS છે. અને મૂળ ગ્રાન્ટ સને ૨૦૨૦-૨૧ની છે. જે રીવાઇઝ કરી સને ૨૦૨૨-૨૩ માં અત્રેની કચેરીને ફાળવેલ છે. જે હાલમાં અત્રેના એકાઉન્ટમાં જમા છે. (સને ૨૦૨૨-૨૩માં રૂ.૩૫૩ લાખ ખર્ચ થયેલ છે.)<br>**(3) WOMEN HELP DESK (WHD)**<br>**બજેટ હેડ:- 43-2055-00-115-06**<br>સને ૨૦૨૨-૨૩ માં કુલ રૂ.૭૨૦.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે.<br>(આ યોજના ૧૦૦% CSS છે. અને મૂળ ગ્રાન્ટ સને ૨૦૨૦-૨૧ની રૂ.૫૦૦.૦૦ લાખ તથા સને ૨૦૨૧-૨૨ની CSS ગ્રાન્ટ રૂ.૨૨૦.૦૦ લાખ મળી કુલ રૂ.૭૨૦.૦૦ લાખ ચાલુ વર્ષે ફાળવેલ છે.) જે હાલમાં અત્રેના એકાઉન્ટમાં જમા છે. (જેમાં સને ૨૦૨૨-૨૩માં કુલ રૂ.૧૯૨.૦૦ લાખ ખર્ચ થયેલ છે. |
| (૨) | યોજના માટે થયેલ કુલ ખર્ચ | **હિસાબી શાખા:-**<br>**(૧) IMPLEMENTATION OF CONVICTION RATE IMPROVEMENT PROJECT**<br>આ યોજના હેઠળ કુલ રૂ.૧૯૭.૧૭ લાખ ગ્રાન્ટનો ઉપયોગ થયેલ છે.<br>જયારે સને ૨૦૨૩-૨૪માં વણ વપરાયેલ ગ્રાન્ટ રૂ.૯૫૩.૫૩ લાખ ગુજરાત પોલીસ આવાસ નિગમ લી. ખાતે પાર્ક કરાયેલ છે.<br>**(૨) ANTI HUMAN TRAFFCKING UNIT (AHTU)**<br>સને ૨૦૨૩-૨૪ માં રૂ.૩૧.૮૧ લાખનો ખર્ચ થયેલ છે.<br>**(3) WOMEN HELP DESK (WHD)** |

| | | |
|---|---|---|
| | | સને ૨૦૨૩-૨૪ માં રૂ.૫૪૪.૧૩ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૩) | યોજના માટે નિયત થયેલ ભૌતિક/નાણાંકીય લક્ષ્યાંકો | **પી.આર.સી.શાખા**<br>કન્વિકશન રેટ ૩૩% સુધી લઈ જવાનો છે. |
| (૪) | યોજના અન્વયે ખરેખર પ્રાપ્ત થયેલ ભૌતિક/નાણાંકીય લક્ષ્યાંકો | કન્વીક્શન રેટ ઇમ્પ્રુવમેન્ટ પ્રોજેકટ અંતર્ગત ગુજરાત પોલીસ એકેડમી કરાઇ , પોલીસ તાલીમ શાળા વડોદરા અને પી.ટી.એસ. જુનાગઢના ટ્રેનિંગ સેન્ટરો ખાતે એફ.આઇ.આર. રજીસ્ટ્રેશન અંગેની તથા ઇન્સ્વેસ્ટીગેશનને લગતી ટ્રેનિંગ આપવામાં આવે છે. પેરવી ઓફિસરની નિમણુંક કરવામાં આવે છે. સાયબર અને ફાઇનાનિશયલ એક્ષપર્ટની નિમણુંક કરવામાં આવેલ છે. મુદ્દામાલ રૂમ અપગ્રેડેશન , ઇન્ટ્રોગેશન રૂમ, ઇન્વેસ્ટીગેશન કન્ટીન્જન્સી (ત.ક. અમલદારને નાણાંકીય મદદગારી) વિગેરે જેવી કામગીરી ચાલુમાં છે. |
| (૫) | પૂર્ણ થયેલ નાણાંકીય વર્ષ અને તે અગાઉના નાણાંકીય વર્ષની યોજનાવાર ભૌતિક /નાણાંકીય લક્ષ્યાંકો સંદર્ભે સરખામણી | - |

(૩) કચેરી દ્વારા કોઇ વિશિષ્ટ પ્રોજેક્ટ, યોજનાઓ અમલમાં મૂકી હોય તો તે અંગેની વિગતો

| | | |
|---|---|---|
| (૧) | **કચેરી દ્વારા કોઇ વિશિષ્ટ પ્રોજેક્ટ, યોજનાઓ અમલમાં મૂકી હોય તો તે અંગેની વિગતો** | સ્ટેટ સાયબર ક્રાઇમ સેલ સાયબર હેલ્પલાઇન -૧૯૩૦ ખાતે નોંધાયેલ કંપ્લેઇનના આધારે ભોગ બનનારના નાણાં જે બેંક એકાઉન્ટમાં જમા થાય તે તમામ બેંક ખાતાઓ ફ્રીઝ/લીન માર્ક કરવામાં આવે છે. જે ખાતાઓ અનફ્રીઝ કરવા અનફ્રીઝ યુનિટ શરૂ કરવામાં આવેલ છે.<br>પી.આર.સી.શાખા તરફથી કન્વીકશન રેટ ઇમ્પ્રુવમેન્ટ પ્રોજેકટની કામગીરી કરવામાં આવે છે. |